GJSK140002592023

Presented on : 12-03-2024
Registered on : 12-03-2024
Decided on : 22-06-2024
Duration : 1 years, 4 months, 25 days

**IN THE COURT OF**
**PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C**
**VADALI AT, SABARKANTHA**
**(Presided Over by S. Pal)**

**CC/250/2023**

**Exhibit No. - 16**

**PROSECUTION: -**

**THE STATE OF GUJARAT**
**Through Police Station Officer VADALI POLICE STATION,**
**TALUKA - VADALI, DISTRICT - SABARKANTHA.**

**VERSUS**

**Accused: -**

**MITULBHAI BABUBHAI SOLANKI**
**Age: 26**
**Occupation : Labor**
**PARMARVAS, VADALI, TALUKA - VADALI, DISTRICT - SABARKANTHA.**

---------------------------------------------------------------------------

**Ld. APP for the Prosecution;**
**Ld. Advocate for the Accused : none.**

---------------------------------------------------------------------------

**Offence punishable under : 85-1, 66(1) B of GUJARAT (BOMBAY) PROHIBITION ACT, 1949,**

***ગુનો:–પ્રોહી એકટની કલમ ૮૫–૧, ૬૬(૧) (બી) અન્વયે...***

**–: જજમેન્ટ :–**
**(Delivered on 22-06-2024)**

(૧) આ કામના આરોપી વિરુધ્ધ પોલીસ દ્વારા પ્રોહીબીશન એકટની કલમ ૮૫–૧, ૬૬(૧)બી મુજબનો ગુન્હો નોંધાયેલ છે અને ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો

જણાતા અત્રેની અદાલતમા ચાર્જશીટ કરવામા આવેલ છે.

(૨) આરોપી આજરોજ હાજર થતા આરોપીને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડવામા આવેલ. ત્યારબાદ આરોપી પોતાની સામેનો ગુન્હો કબુલ કરવા માંગતા હોય, ગુન્હા કબુલાત પુરશીષ રજુ કરેલ છે. જે ઘ્યાને લેતા આરોપી સ્વેચ્છાપૂર્વક ગુન્હો કબુલ કરવા માંગતા હોય, કબુલાત સ્વિકારી આરોપીએ તેમની સામેના ગુન્હાની હકીકત વાંચી સંભળાવી સમજાવતા આ તબકકે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતા પણ આરોપી સ્વેચ્છિક રીતે કોઈપણ જાતની ધાકધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતા હોય, તેમ જણાવેલ છે. જેથી આરોપીની ગુન્હા સબંધે પ્લી રેકર્ડ કરતા તેમા પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનુ સ્વિકારી અને તેનો આ પ્રથમ ગુન્હો હોય, અને પોતે બાળ બચ્ચા વાળો હોય, અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે હોવાનુ જણાવી તેઓએ કોઈ સ્થિર ધંધો ન હોવાનુ તથા મજુરી કરી તેઓના ઘરનુ ગુજરાન ચલાવતા હોવાનુ તેમજ તેઓને આર્થિક પરિસ્થિતિ સારી ન હોય, તેમજ કાયમી રોજગાર પણ ન હોય, અને સદર કેસમા વારંવાર આવવાની જરુર પડે તો તેઓને વધુ ખર્ચ થાય તેમ હોય, અને જેના કારણે તેઓને કયારેક કયારેક જે રોજગારી મળે છે તે પણ ખોરવાય જાય તેમ હોય, તેઓ ઉપર દયા રાખી હળવી સજા કરવા વિનંતી કરેલ છે.

(૩) આરોપીની ગુન્હાની કબુલાત જોતા, તે સ્વેચ્છિક હોવાનુ જણાય છે. જેથી આરોપીની ગુન્હા કબુલાત સ્વિકારી આરોપીની ગુન્હમા કબુલાત અંગેની વિગતો તથા તેઓએ ગુન્હો કબુલ કરેલ છે તે પુરશીષની તમામ હકીકત ઘ્યાને લઈ તેમજ ભવિષ્યમા બીજો ગુન્હો નહી કરવાની ખાતરી આપે છે. તેમજ આ કામના ત.ક.અ. એ પણ આરોપીનો આ સિવાય બીજો કોઈ આવા પ્રકારનો ગુન્હો હોય તેવી કોઈ હકીકત ચાર્જશીટ પેપર્સમા જણાવેલ ન હોવાથી આરોપીનો આ પ્રથમ ગુન્હો હોવાનુ જણાય છે. તેમજ **નામ. ગુજરાત વડી અદાલતે ૨૦૦૫ (૧), જી.એલ.આર.,પાનુ–૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ.**

**નટવર હરચંદજી ઠાકોર તેમજ ૨૦૧૩(૨) જી.એલ.આર. ૯૭૪ રમેશચંદ ભીખાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો તેમજ આરોપી સામે આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઈ તથા તેઓની કબુલાત પુરશીષમા જણાવેલ હકીકતો ઘ્યાને લઈ, તેમજ આરોપી સ્વેચ્છિક ગુન્હો કબુલ કરી પસ્તાવો કરતો હોય, તેનો સમાજમા માન મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે તે સંજોગોમા ઉપરોકત કરેલ ચર્ચાઓ તથા કારણોને આધારે તેમને ઓછામા ઓછી સજા અને દંડ કરવો ન્યાયના હિતમા વ્યાજબી જણાતુ હોય, સજા અંગે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## **–:: <u>હુકમ</u> ::–**

આ કામના આરોપીને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ – ૨૫૨ અન્વયે, પ્રોહીબીશન એકટની કલમ – ૮૫–૧, ૬૬(૧)બી મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી, રૂા. **<u>૨૦૦/–</u>** પુરાનો દંડ અને દંડ ન ભરે તો દીન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે. તેમજ જો આ કામે કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ હોય તો અપીલ સમય પૂર્ણ થયા બાદ તેનો નિયમ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા. ૨૨ મી માહે– જૂન, સને–૨૦૨૪ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા. ૨૨/૦૬/૨૦૨૪**
**સ્થળ–વડાલી.**

**(સુદીપ્તો પાલ)**
**GJ01419**
**પ્રિન્સીપાલ સિવીલ જજ અને**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**વડાલી, જિ.સાબરકાંઠા.**